**::– સમાધાન પુરસીસ હેઠળ હુકમ –::**

(૧) આજરોજ સદર કામનું રેકર્ડ જોતાં, ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ ભારતિય દંડ સંહિતાની કલમ–૩૭૯–૧૧૪ મુજબના ગુન્હા સબબ ફરિયાદ નોંધાવતાં તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં ચાર્જશીટ કરેલ હતુ.

(૨) આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપિત ગુન્હો સમાધાનપાત્ર હોવાથી સદર કામે ફરિયાદીને કોર્ટ દ્વારા નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ હતી. ફરિયાદીને નોટીસની બજવણી થતાં તેઓ કોર્ટ રૂબરૂ હાજર થયેલ છે અને તેઓએ પુરસીસ રજુ કરી જણાવેલ છે કે, તેઓને આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે અને ચોરી થયેલ વસ્તુ પરત મળી ગયેલ છે. તેઓ સદર કેસની કાર્યવાહી આગળ ચલાવવા માંગતા નથી અને સદર કામે સમાધાનથી ફેસલ કરવા રજુઆત કરેલ છે. ફરિયાદીએ રજુ કરેલ પુરસીસ તેઓને વાંચી સંભળાવતાં તે ખરી હોવાનું તેમજ તેઓને કબુલ મંજુર હોવાનું સ્વીકારે છે.

(૩) આ કામના આરોપીઓ વિરૂધ્ધ ભારતિય દંડ સંહિતાની કલમ–૩૭૯–૧૧૪ મુજબના ગુન્હાના આક્ષેપો છે. આરોપી હાજર નથી. ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૩૨૦ ની જોગવાઈ મુજબ ભારતિય દંડ સંહિતાની કલમ–૩૭૯–૧૧૪ મુજબનો ગુન્હો સમાધાનપાત્ર ગુન્હો છે. ફરિયાદી સમાધાન કરતાં હોય ત્યારે સમાધાન માટે આરોપીઓની હાજરી જરૂરી નથી. આમ, ફરિયાદી તેમજ આરોપીઓ વચ્ચે સમાધાન થઈ ગયેલ હોય અને ફરિયાદી તેવી હકિકતો સ્વીકારતા હોય પક્ષકારો વચ્ચે ભવિષ્યમાં કોઈ તકરારો ઉપસ્થિત ન થાય તેમજ સુલેહભર્યા સંબંધો જળવાઈ રહે તેવા હેતુથી પક્ષકારો તરફે રજુ થયેલ સમાધાન રેકર્ડ ઉપર લેવું યોગ્ય અને ન્યાયોચિત્ત જણાઈ આવે છે. તે સંજોગોમાં, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

ફોજદારી કાર્યરિતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૩૨૦ ની જોગવાઈ મુજબ આરોપીઓને તેઓ વિરૂધ્ધના ભારતિય દંડ સંહિતાની કલમ–૩૭૯–૧૧૪ મુજબના ગુન્હાના કામે સમાધાન થતાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

કબજે થયેલ મુદ્દામાલ વાહન અંગે થયેલ વચગાળાનો હુકમ શરતો વિના કાયમ રાખવામાં આવે છે.

– હુકમ આજરોજ લોક–અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૨–૦૬–૨૦૨૪.
અમદાવાદ.

(દેવાંગ રવિરાય જોષી)
એડીશ્નલ ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૨, અમદાવાદ.
(કોડ નંબર – જીજે૦૦૯૪૫)

*Self.*